dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

April 2012 For private circulation only Vol. 04 - Issue 80

પુસ્તકોનું મૂલ્ય રત્ન કરતાં પણ વધુ અમૂલ્ય છે. રત્નો તો બાહ્ય ચમકદમક દેખાડે છે. જ્યારે પુસ્તકો અંતઃકરણને ઉજ્જવળ બનાવે છે.

- ગાંધીજી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

આજે ૨૩ એપ્રિલ, સમગ્ર વિશ્વ આ દિવસને 'પુસ્તક દિન' તરીકે ઉજવે છે. માનવજીવનના વિકાસમાં અને ઘડતરમાં વાંચનનો અમૂલ્ય ફાળો છે. અન્ન જે રીતે તનને તૃપ્ત કરે છે તે રીતે ઉત્તમ વાંચન મન-હૃદયને તૃપ્ત કરે છે. માણસ જે કક્ષાનું વાંચન કરે છે, તેનાથી ચઢીઆતી કક્ષાનો તે ક્યારેય બની શકતો નથી. ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ અને જાણીતા કટાર લેખક ડૉ. ચંદ્રકાંત મહેતા યોગ્ય રીતે લખે છે કે : "ગ્રંથાલય એક દ્રષ્ટિએ તપોવન છે. જ્યાં માણસ વેર-શત્રુતા-હિંસા...બધું જ ભૂલી જાય છે. કોઈ ગ્રંથાલયમાં ક્યારેય લડાઈ થઈ હોય એવું ઈતિહાસે નોંધ્યું નથી !"

ઈન્ટરનેટ અને એસ.એમ.એસ.માં વ્યસ્ત રહેતી, કાઈનેટીક અને બાઈક પર કારણ વગર ભટકતી, 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી' કે 'કસોટી જિંદગી કી' જેવી અનેક વાહીયાત ટી.વી. સિરિયલો પાછળ બુદ્ધિ ઘસી સમય વેડફતી પ્રજાને પુસ્તકપ્રેમ, વાંચનભૂખ શું છે એ કદાચ નહીં સમજાય. માણસે શા માટે વાંચવું જોઈએ ? એવો વાહિયાત પ્રશ્ન એમના મનમાં જન્મે તે સ્વાભાવિક છે. જેની જાત કેન્દ્રમાંથી ખસી ગઈ હોય તેને આ અને આવા બીજા પ્રશ્નો થવાના જ. ટી.વી. એ જે ચૈતસિક પ્રદૂષણ ફેલાવ્યું છે એની ગંભીર અસરોથી હજી આપણે અજાણ છીએ. જાણીશું ત્યારે બહુ મોડુ થઈ ગયું હશે. ગુજરાતી ભાષાના જાણીતા શાયર (જેઓ વલ્લભ વિદ્યાનગરની એચ.એમ. પટેલ બી. એડ્. કોલેજમાં અધ્યાપક હતા. હાલ ઈંગ્લેન્ડમાં) ડૉ. આદમ ઘોડીવાળાનું ઑબ્ઝર્વેશન અંકે કરવા જેવું છે. તેઓ લખે છે : "જીવશાસ્ત્રની પરિભાષામાં જીવતા મોટાભાગના માણસો દર્શનશાસ્ત્રની પરિભાષામાં મરેલા છે." જેની પાસે ભાવસમૃદ્ધિ નથી, જેની પાસે વિચારસમૃદ્ધિ નથી એવી વ્યકિતને 'માણસ'ની વ્યાખ્યામાં મૂકતા પહેલાં સો વાર વિચારવું જોઈએ. આ ભાવસમૃદ્ધિ કે વિચારસમૃદ્ધિ કેળવવાનું સબળ-સક્ષમ માધ્યમ ઉત્તમ પુસ્તકોનું વાંચન છે. માનવ ચેતનાને સંકોરવામાં, પ્રજ્વલિત રાખવામાં પુસ્તકોનું બહુમૂલ્ય પ્રદાન છે. વિશ્વની ક્ષિતિજ પર દ્રષ્ટિ દોડાવીશું તો એવી અનેક વ્યકિતઓના દ્રષ્ટાંતો મળશે. જેમણે ઉત્તમ પુસ્તકોના વાંચનથી પોતાના જીવનના નવા યુગનો આરંભ કર્યો હોય. માણસને કેળવવાનું અને ધૂમ્મસભર્યા વાતાવરણમાં તેને રાહ ચીંધવાનું કામ પુસ્તકો કરે છે. પુસ્તકો એવા મિત્રો છે, જે અઘરા અને કપરા સમયમાં પણ આપણો સાથ નિભાવે છે, આપણને હૂંફ પૂરી પાડે છે. આપણને પ્રેરણા આપે છે. દુનિયાને જોવાની અને જાતને ઓળખવાની દ્રષ્ટિ વાંચનથી પ્રાપ્ત થાય છે. પશ્ચિમના એક વિદ્વાને કહ્યું હતું, 'મને પુસ્તકો આપો મને પાંખો આપો.' પુસ્તકના બે પૂંઠા વચ્ચે એક આખું વિશ્વ હોય છે. ફેનેલન નામના વિદ્વાને કહ્યું હતું કે : જો મારાં પુસ્તકો અને વાચનપ્રેમના બદલામાં સમસ્ત મહારાજ્યોનો મુકુટ મારા પગ આગળ મૂકવામાં આવે તો હું તે સર્વે મુકુટોને લાત મારી ફેંકી દઉં ! ગિજુભાઈ બધેકાએ ઉચિત રીતે જ કહ્યું છે, 'પુસ્તક સ્વતઃ શિક્ષાગુરુ છે અને પુસ્તકાલય એ શાળા છે. પુસ્તકાલયરૂપી શાળા ગામેગામ અને લત્તે લત્તે સ્થપાવી જોઈએ.' પુસ્તકાલય એટલે જ્ઞાનની પરબ. પુસ્તકાલય માત્ર ઈંટ-ચૂનાની ઈમારત નથી. અનેક અનેક ભાવજગત-ભાવનાજગત-વિચારજગતનું પ્રવેશદ્વાર છે. વ્યાસ અને વાલ્મીકી, નરસિંહ કે મીરાં, કાલિદાસ અને ભવભૂતિ, પ્લેટો અને એરિસ્ટોટલ, શેક્સપિઅર કે ફ્રોઈડ, રવીન્દ્રનાથ કે શરદચંદ્ર, શહાદત હસન મન્ટો કે સાહિર લુધિયાનવી, અમૃતા પ્રિતમ કે ઓશો રજનીશ, સુરેશ જોષી કે ઉમાશંકર... આ બધાં જ પુસ્તકાલયમાં આપણી પ્રતીક્ષા કરતા હોય છે. આપણી સાથે ગોષ્ઠિ માંડવા, ગૂફ્તગૂ કરવા સૌ તત્પર છે. મહત્વની બાબત આપણી તત્પરતાની, આપણી દ્રષ્ટિની, આપણી વૃત્તિની, આપણી ઝીલણ ક્ષમતાની છે. કોઈ પણ ઉત્તમ પુસ્તક તેના વાચકને તે જેવો છે, તેવો નહીં રહેવા દે. એને ઉન્નત, શ્રેષ્ઠ બનાવશે. આઠ-દસ વર્ષ પહેલા જાણીતા વિચારક શ્રી ગુણવંત શાહે બાલાસિનોર ખાતે એક વ્યાખ્યાન દરમિયાન માર્મિક વિધાન કર્યું હતું. શ્રોતાઓને તેમની લાક્ષણિક શૈલીમાં કહ્યું હતું, કે : " જે ઘરમાં નાનકડું પુસ્તકાલય ન હોય તે ઘરમાં તમે તમારી દીકરીને ન પરણાવતા." કપડાં, ઘરેણાં, બર્થ ડે પાર્ટીઓ, ચલચિત્રો પાછળ રૂપિયાનો ધૂમાડો કરતાં આપણે અચકાતા નથી, પણ પચાસ કે સો રૂપિયાનું પુસ્તક ખરીદવામાં કંજૂસાઈ કરીએ છીએ. ગુજરાતીઓના માથે એક મ્હેણું છે, કે ગુજરાતીઓ ચેકબૂકની પૂજા કરનારી પ્રજા છે ! વાંચનભૂખમાં બંગાળીઓ અવ્વલ નંબરે છે. યાદ રાખવાનું આટલું છે : વાંચનથી વિચાર બદલાય, વિચારથી વ્યકિત બદલાય, વ્યકિતથી સમાજ બદલાય, સમાજથી વિશ્વ બદલાય. સાત ભવનાં પુણ્ય કર્યા હોય ત્યારે ગ્રંથપાલ થવાય એવો મારો અંગત મત છે. પ્રત્યેક ગ્રંથપાલની એ નૈતિક જવાબદારી બને છે કે ગ્રંથાલયમાં વધારેમાં વધારે માણસો આવતા થાય. આપણે પણ વાંચીએ, વિચારીએ અને વિશ્વના ઉત્કર્ષમાં વૈચારિક સહયોગ આપીએ. શેરી નાટકના પ્રખ્યાત કલાકાર સફદર હાશ્મીની આ કવિતા ઘણું ઘણું કહી જાય છે : કિતાબેં કરતી હૈ બાતેં, બીતે જમાનો કી, દુનિયાકી, ઈન્સાનોં કી, આજ કી, કલ કી, એક એક પલ કી, ખુશિયોં કી, ગમોં કી, ફૂલોં કી, વનોં કી, જીત કી, હાર કી, પ્યાર કી, માર કી, ક્યા તુમ નહીં સુનોંગે ઈન કિતાબોં કી બાતેં ? કિતાબેં કુછ કહના ચાહતી હૈં, તુમ્હારે પાસ રહના ચાહતી હૈં, કિતાબોં મે ચિડીયા ચહચહાતી હૈં, કિતાબોં મેં ખેતિયા લહલહાતી હૈં, કિતાબોં મેં ઝરને ગુનગુનાતે હૈં, પરિયોં કે કિસ્સે સુનાતે હૈં,. કિતાબો મેં રોકિટ કા રાજ હૈં, કિતાબોં મે સાયંસ કી આવાજ હૈં. કિતાબોં મેં કિતના બડા સંસાર હૈં, કિતાબોં મેં જ્ઞાનકી ભરમાર હૈં, ક્યા તુમ ઈસ સંસાર મેં નહિ જાના ચાહોગે ? કિતાબેં કુછ કહના ચાહતી હૈં, તુમ્હારે પાસ રહના ચાહતી હૈ.

૨૩ એપ્રિલ, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## વ્યાખ્યાન

યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગ તથા ઈન્ડિયન ફિઝીકસ એસોસિએશન, સુરત ચેપ્ટરના ઉપક્રમે પ્રો. ટયુબીસ સીરીઝ અંતર્ગત ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈના પ્રોફે. દિપકકુમાર ઘરનું "સીમ્પલ મોડેલ્સ ઓફ કોમ્પલેક્ષ સીસ્ટમ" વિષય પરનું વ્યાખ્યાન યોજાઈ ગયું. વ્યાખ્યાનશ્રેણીઓમાં વકતા અને શ્રોતા વચ્ચે વધુમા વધુ સંક્રમણ થાય તે માટે આઈ.પી.એ., સુરતના ચેરમેન અને વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. કે.સી. પોરીઆએ પ્રાસંગિક ઉદ્દ્બોધનનો અંતરાલ શૂન્યતમ થાય તેવું જણાવી સૌને આવકાર્યા હતા. પ્રોફે. ધરે તેમના વ્યાખ્યાનમાં જણાવ્યું કે, ભૌતિશાસ્ત્રનો વ્યાપક ઉપયોગ તદ્દ્ન નવીન ક્ષેત્રોમાં થઈ રહયો છે. અને થઈ શકે તેમ છે. આંકડાકીય યંત્રશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંતને વ્યવહારૂ પ્રશ્નોના સુચારુ ઉકેલ મેળવી અને માનવજાતને આપણે અનેક રીતે ઉપયોગી થઈ શકીએ તેમ છીએ. ધરતીકંપ, સૂર્યજવાળાઓ, માનસિક પ્રક્રિયાઓમાં ન્યૂરોનનાં સક્રિયકરણ જેવા વણખેડાયેલા ક્ષેત્રોમાં વિશાળ કામની શકયતાઓ છે. આપણા દેશની નદીઓના જોડાણના પ્રકલ્પની વાસ્તવિક સમસ્યાઓના નિવારણ માટેનો અભ્યાસ આ શાસ્ત્રથી થઈ શકે તેમ છે. સ્ટોક માર્કેટમાં આવતા ઉતાર-ચઢાવ, પોકરની રમતમાં જીતની શકયતાઓ અને નાણાના રોકાણમાં મહત્તમ વળતરની ગણતરી જેવા અર્થશાસ્ત્રના મૂળભૂત 'અર્થશાસ્ત્રીય ભૌતિકી' દ્વારા ઉકેલી શકવાની ક્ષમતા હાંસલ થઈ શકે તેમ છે. ભૌતિકશાસ્ત્રમાં વર્તમાન અને ભવિષ્યને આંકી શકાય તેમ છે. જયારે બજારમાં ભવિષ્ય અને વર્તમાન દ્વારા અંકાય છે. આ બન્ને શાસ્ત્રોના એકીકરણથી વિશ્વને વધુ લાભાન્વિત કરી શકાય તેમ છે. આ શ્રેણીના દાતા અને ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રો. બી.આઈ. શેઠે પ્રોફેસર ટયુબીસનો પરિચય અને કાર્ય તેમજ ભૌતિકશાસ્ત્ર વિષયની ગહનતાના અભ્યાસને મહત્વ આપતાં તેમાં વિશાળ તકોની શકયતાઓનું વર્ણન કર્યું હતું. ૧૬મી સદીમાં કુદરતના તત્વજ્ઞાનથી શરૂ થયેલી ભૌતિક જગતની સમજૂતીઓ સંગીતથી માંડી અદ્રશ્ય વિશ્વને દ્રશ્ય કરવા તથા અત્યંત આધુનિક ઓટોમોબાઈલ તથા એરોપ્લેને વિશ્વનું નાનકડું બનાવી દીધું છે. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. પૃથુલભાઈ દેસાઈએ કર્યું હતું.

## સ્પર્ધા




લવલીય પ્રો. યુનિવર્સિટી, પહાગવારા મુકામે આંતર યુનિવર્સિટી બોક્ષિંગ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી પ્રદિપ લેંકાએ કોચીંગ આપ્યું હતું. ટીમ : ૧) જીનદલ પુલકીત એમ., ૨) ગ્યાનવાલી દિલબહાદુર બી., ૩) વિનોદકુમાર પ્રકાશ, ૪) મનન ચેતન વી., ૫) વિઠાણી ધવલ આર., ૬) દલાલ અશ્વીન આર., ૭) વ્યાસ શ્યામ કે., ૮) પ્રવિણકુમાર ઈન્દ્રજીત, ૯) સિંગ કરણવીર એ.

યુનિવર્સિટીના એમ.એસસી. બાયોટેકનોલોજી સ્વનિર્ભર અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ વિવિધ રાષ્ટ્રીય અને આંતર રાજકીય સ્પર્ધાઓમાં ગત વર્ષ અને ચાલુ વર્ષમાં ભાગ લીધો હતો. જેમાં તા. ૧૧-૧૨-૨૦૧૧ના રોજ યોજાયેલ આણંદ ખાતે રાજકીય સ્પર્ધામાં આશકા વાસિયા પ્રથમ ઈનામ (સેમેસ્ટર-૩), રવિના જૈન દ્વિતીય ઈનામ (સેમેસ્ટર-૫) અને ના થોમસ તૃતીય ઈનામ (સેમેસ્ટર-૫) થી વિજેતા થયા હતા.



આંતર કોલેજ સ્પર્ધાઓ તા. ૩૧-૧૨-૧૧ના રોજ નવસારી, નારણલાલા કોલેજમાં યોજાયેલ હતી. તે પૈકી પોસ્ટર પ્રેજન્ટેશન રવિના જૈન તૃતીય ઈનામ (સેમેસ્ટર-૫)માં મેળવ્યું હતું. પાટણ ખાતે યોજાયેલ તા. ૧૯-૦૨-૧૨ના રોજ નેશનલ કોન્ફરન્સ (Contempory Development at Biotech-Bioinformatics Interface) ખાતે NCBB Young Scientist Award 2012ની વિવિધ સ્પર્ધાઓ પૈકી ચિંતન ભગત, વિનય શુકલા (સેમેસ્ટર-૧૦) અને આશકા વાસિંયા (સેમેસ્ટર-૪)એ મેળવ્યા હતા. અભિનંદન.



## જન્મ દિન



કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરને તા. ૧ એપ્રિલ ૨૦૧૨ના રોજ કુલસચિવશ્રી પ્રો. જે.આર. મહેતા સહિત યુનિવર્સિટીના અન્ય અધિકારીઓએ અને કર્મચારીઓએ જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

## કોન્ફરન્સ NCRTC-2012



તા. ૨૭-૨૮ માર્ચ, ૨૦૧૨ દરમ્યાન ''રિસેન્ટ ટ્રેન્ડ ઈન કેમેસ્ટ્રી''ના શીર્ષક હેઠળ રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવેલું હતું. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના પ્રમુખપદે આ કોન્ફરન્સ ઉદ્‌ઘાટન વિધિનો કાર્યક્રમ કન્વેન્શન હોલમાં રાખવામાં આવેલ હતો. જેમાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. જેમણે કોન્ફરન્સમાં Keynote Lecture વિદ્વત્તાપૂર્ણ અને માહિતી સભર આપ્યું હતું. ૧૬ વર્ષ સુધી અમેરીકામાં પ્રોફેસર તરીકે સેવા આપનાર તથા ભૂતપૂર્વ એડવાઈઝર ફાર્માસ્યુટીકલ એન્ડ બાયોટેકનોલોજી મેટર્સ ગવર્નમેન્ટ ઓફ ગુજરાત, ડૉ. હરીશ પાઢે જણાવ્યું હતું કે ભારતમાં અંગ્રેજોના આગમન સમયે વૈશ્વિક અર્થતંત્રમાં ભારતનો ફાળો ૩૦% જેટલો હતો જે તેમના વિદાય સમયે ૧% જેટલો થઈ ગયો હતો. પરંતુ સ્વતંત્રતા પછી ફરી ભારતે આ ફાળો ૨.૫% જેટલો કરેલ છે. ભારતના તમામ લોકો માનવીય ગૌરવ સાથે જીવી શકે તે માટે વૈશ્વિક અર્થતંત્રમાં ભારતનો ફાળો ૧૫% જેટલો કરવા યુવાન સાયન્ટીસ્ટોને આહવાન કર્યું હતું. વિભાગના વડા પ્રો. બહાદુરે મુખ્ય અતિથિનો પરિચય કરાવ્યો હતો અને વિભાગની સંશોધન પ્રવૃત્તિનો ચિત્તાર રજુ કર્યો હતો. કુલસચિવ પ્રો. જે.આર. મહેતાએ જીવનમાં રસાયણનું મહત્ત્વ સમજાવી કોન્ફરન્સની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. કોન્ફરન્સના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી પ્રો. કે.સી. પટેલે કોન્ફરન્સમાં ઉપસ્થિત મહાનુભાવો, સેનેટ-સિન્ડીકેટ સભ્યો, ડેલીગેટસ, વિદ્યાર્થીએ અન આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું તથા NCRTC-2012ના કાર્યક્રમની રૂપરેખા આપી હતી.



૨૮ માર્ચ-૨૦૧૨ના રોજ પૂર્ણ થતી આ કોન્ફરન્સના વિદાય સમારંભમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર ઉપસ્થિત રહયા હતા. જેમણે કોન્ફરન્સના સુવ્યવસ્થિત આયોજન માટે ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. કે.સી. પટેલ અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. સર્વ ડેલીગેટસ અને વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપનાર એમીનેટસ પ્રોફેસરને આવકારી તેમના આગમન બદલ અભિનંદન પાઠવ્યા હતા. આવી કોન્ફરન્સનું મહત્વ સમજાવી દરેક વિભાગ દ્વારા આવી કોન્ફરન્સનું આયોજન હાથ ધરવા અનુરોધ કર્યો હતો.




## સેમિનાર




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને શિક્ષણ વિભાગ કે.સી.જી.ના ઉપક્રમે All India Survey on Higher Education, Academic & Administrative Audit અને NAAC સેમિનાર યુનિવર્સિટી ખાતે યોજાઈ ગયો.


# કોલેજ ન્યૂઝ

## આરોગ્ય

- આર્ટસ-કોમર્સ કોલેજ, ઓલપાડમાં રેડ રિબિન કલબના ઉપક્રમે તા. ૨-૩ થી ૫-૩-૧૨ દરમ્યાન એચ.આઈ.વી. એઈડસ જાગૃતિ અભિયાન માટે વિવિધ બેનરો સહિત પ્રદર્શન યોજાયું. જેમાં ૧૫૦ વ્યકિતઓ સહિત કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવ પ્રો. જે.આર. મહેતા, સાંસદ દર્શનાબેન જરદોશે મુલાકાત લીધી હતી. એન.એસ.એસ. અને એન.સી.સી.ના સ્વયંસેવકોએ ગામમાં હેન્ડ બીલનું વિતરણ કર્યું હતું. તા. ૫-૩-૧૨ના રોજ એન.એસ.એસ. સ્વયંસેવકો, પ્રોગ્રામ ઓફિસરો તેમજ એન.સી.સી. ઓફિસરોએ યુનિવર્સિટીમાં યોજાયેલ રકતદાન સેમિનારમાં ભાગ લીધો.
- એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સામુદાયિક સેવા ધારા અને એન.એસ.એસ. અન્વયે તા. ૨-૨-૧૨ના રોજ જી.સી.આઈ., બીલીમોરા દ્વારા થેલેસેમીયાની દ્રશ્ય-શ્રાવ્ય દ્વારા માહિતી આપવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોતરી કરી હતી. તા. ૧૫-૨-૧૨ના રોજ ડૉ. પ્રજ્ઞેશસિંહ પરમારે એઈડસ પર દ્રશ્ય-શ્રાવ્ય દ્વારા માહિતી આપી હતી. જેમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી હતી.
- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. યુનિટ દ્વારા વલસાડ ખાતે પધારેલ રેડ રિબન ટ્રેનની મુલાકાત પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણાથી પ્રા. ટી.જી. પટેલ, પ્રા. આર.આર. પટેલ અને પ્રા. કે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ લીધી હતી. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ એચઆઈવી ટેસ્ટ કરાવ્યા હતા. તદ્‌પરાંત એન.એસ.એસ. યુનિટ દ્વારા જનજાગૃતિ અભિયાન હેઠળ એઈડ્સ જાગૃતિ, પર્યાવરણ જાગૃતિ, બેટી બચાવો, સાક્ષરતા જાગૃતિ, મતદાતા જાગૃતિ, સ્વામી વિવેકાનંદના પ્રેરણાસૂત્રો તથા ઓઝરપાડા મુકામે તા. ૨૬-૨-૧૨ના રોજ નિઃશુલ્ક રાહતદરના ૬૫ લાભાર્થીઓને મફત

તથા ૮૮ રાહતદર લાભાર્થીઓને આંખો ચેક કરી ચશ્મા આપવામાં આવ્યા હતા.

આ સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલીમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે તા. ૨૮-૨-૧૨ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા એઈડસ એવરનેસ વર્કશોપ યોજાઈ ગયો. જેમાં રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા રેડ રીબીન કલબની સ્સ્થાપના કરવામાં આવી હતી. જેમાં ૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે રેફરલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. બિમલ બૂચ દ્વારા કી-નોટ એડ્રેસ આપવામાં આવ્યું હતું. તથા ડૉ. રાજેશ પટેલ દ્વારા રેફરલ હોસ્પિટલ, ચીખલીમાં ઉપલબ્ધ એઈડ્સ સારવાર વિષે માહિતી આપવામાં આવી હતી. વધુમાં એઈડસ કંટ્રોલ સોસાયટીના ડૉ. પરેશભાઈ દ્વારા પણ એઈડસ વિષે માહિતી આપવામાં આવી હતી.



ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી તથા રેડ રીબીન કલબના સૌજન્યથી એસ.બી. ગારડા કોલેજ, નવસારીની રાષ્ટ્રીય સેવા યોજના આયોજીત એચ.આઈ.વી./એઈડ્સ જાગૃતિ કાર્યક્રમ તા. ૧૬-૩-૧૨ના રોજ સંપન્ન થયો. સદર કાર્યક્રમની ભૂમિકા બાંધતા પ્રા. ડૉ. શર્માએ જણાવ્યું કે એચ.આઈ.વી./એઈડ્સની કોઈ દવા કે ઉપચાર નથી. તેની જાણકારી અને સાવચેતી દ્વારા જ આ રોગથી બચી શકાય છે. વાઈસ પ્રિન્સીપાલ પ્રા. આર.એલ. ઢીમ્મરે વિદ્યાર્થીઓમાં આ અંગે જાગૃતિ આવે તેવી સચોટ વાત કરી. આ કાર્યક્રમમાં રેડક્રોસ, નવસારીના જીવનદીપ પ્રોજેકટના હેમલતાબેન, રેણુકાબેન તથા વિનોદભાઈએ ઉપસ્થિત રહી આંકડાકીય માહિતી આપી. તેમજ એચ.આઈ.વી./એઈડ્સને લગતી પ્રશ્નાવલી વિદ્યાર્થીઓ પાસે ભરાવવામાં આવી. સદર કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસરો ડૉ. આશાબેન પટેલ, ડૉ. પ્રિતિબેન નાયક તથા વાઈસ પ્રિન્સીપાલ મહેશભાઈ નાયક વગેરે ઉપસ્થિત રહયા હતા.

## સેમિનાર



નોલેજ કોન્સર્શીયમ ઓફ ગુજરાત દ્વારા વી.અસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ-સાયન્સ, બીલીમોરામાં નવસારી જિલ્લાની કોલેજોના ૧૫૦ જેટલા અધ્યાપકો માટે સંશોધન માર્ગદર્શનની ત્રિદિવસીય કાર્યશિબિર એસ.પી.યુનિ.ના પૂર્વ કુલપતિશ્રી, ડૉ. પી.જે. પટેલ, કે.સી. જી. ડાયરેકટર ડૉ. વેદાંત પંડયા, નવસારી જિલ્લાના કો-ઓર્ડિનેટર પ્રિ. ડૉ. એમ.એન. વશી અને નવસારી જિલ્લાના આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ. આ કાર્યશિબિરમા યુ.જી.સી.માં સંશોધન અંગેની દરખાસ્ત કેવી રીતે રજૂ કરવી ? સરકારી મદદ, સંશોધનના ક્ષેત્રો વગેરે જેવી માહિતી ડૉ. પી.બી. ઠાકર, ડૉ. વિભૂતિ જોશી, ડૉ. એન.બી. પટેલ, ડૉ. જયોતિ નાયક, ડૉ. શરીફા વિજળીવાળા, ડૉ. ઘનશ્યામ શનાઢય, ડૉ. પાડવી, ડૉ. દિપીકા શાહ, ડૉ. સીમા દેસાઈ, ડૉ. હીના ઓઝાએ આપી હતી. આ માહિતી આપવા માટે એલ.સી.ડી., પ્રોજેકટર, સ્માર્ટ બોર્ડ વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ડૉ. પી.જી. પટેલે સંશોધન શા માટે જરૂરી છે ? અને તે દેશ તથા વ્યકિતગત રીતે કેટલું ઉપયોગી છે, તેના ફાયદા વિષે તથા સંશોધનકાર્યમાં સરકારની મદદ વિષે ઉપયોગી માહિતી આપી હતી. ડૉ. વેદાંત પંડયાએ આ પ્રકારના કાર્યશિબિરોની ઉપયોગિતા અને સરકારનો ઉદ્દેશ વિગતવાર જણાવી અધ્યાપકોને પ્રોત્સાહન આપ્યું હતું. પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રતિનિધિઓએ પ્રતિભાવો પ્રસ્તુત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. નારણભાઈ અમીન અને પ્રા. ભાવનાબેન નાયકે કર્યું હતું.

## એન.એસ.એસ.

એ જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર નાડા ગામે તા. ૧૪-૨-૧૨ થી ૨૦-૨-૧૨ દરમ્યાન યોજાઈ હતી. પ્રાથમિક શાળા નાડા ખાતે સરપંચ શ્રીમતી લક્ષ્મીબેન ગોહિલે દીપ પ્રાગટાવી શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો. ઉદ્‌ઘાટન સમારંભમાં દેવજગનના મહંતશ્રી મુનીબાપુએ વિદ્યાર્થીઓમાં કલ્યાણકારી ભાવના વિકસે એવી શુભેચ્છા સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. તા. પં. સભ્યશ્રી રમેશભાઈ ગોહિલ, ઉપસરપંચ કંચનબેન, સરકારી હાઈસ્કુલના આચાર્ય શ્રીમતી સ્મિતાબેન, પ્રા. શાળાના આચાર્ય રમેશભાઈ, શ્રી ધનસુખભાઈ તલાટી, દેવલા, સી.આર.સી. કો. ઓર્ડિ.શ્રી શંકરભાઈ પઢિયારે પોતાના કેમ્પના સ્મરણો વાગોળી યુવા પ્રવૃત્તિઓ સામુદાયિક ભાવનાની તાલીમ સદર કેમ્પમાંથી થાય છે તેની વાત રજુ કરી - પ્રા. ડી. આર. પટેલે વિદ્યાર્થીઓને લોકોનો પ્રેમ જીતવા તમારી શકિતનો ઉપયોગ કરી. કેમ્પને સફળ બનાવવા કટિબધ્ધ બનવા હાકલ કરી હતી. પ્રા. એમ.કે. શાહે એન.એસ.એસ. પ્રવૃત્તિની રૂપરેખા આપી હતી પ્રા. સી.જી. ડામોરે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આભારવિધિ એન.એસ.એસ. લીડર ગોહિલ યોગેશભાઈએ કરી હતી. સદર કેમ્પમાં ઈ.આ.પ્રા. આર.એસ. ક્ષત્રિય, પ્રા. ડી.એમ. વાઘેલાએ ઉપસ્થિત રહી સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા હતા. કેમ્પના સમયગાળા દરમ્યાન 'રાત્રિ સ્વચ્છતા, મશાલરેલી, કાચા-પાકા રોડની સફાઈ, રસ્તા પર જામેલા ઉકરડાને હટાવવા. એન.એસ.એસ. કવીઝ, સ્પર્ધાઓ, રાત્રિના જાહેર ભજન સરિતા, રાત્રિ સંદેશાત્મક સાંસ્કૃતિક પ્રોગ્રામ, બૌધિક સભા વગેરે શિબિરમાં કરવામાં આવી. સમાપન સમારંભમાં ગ્રામપંચાયત, નાડા તરફથી શિબિરાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા.



એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરતના એન.એસ.એસ.ના પાંચ સ્વયંસેવકો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. ૧૯ માર્ચ થી ૨૫ માર્ચ દરમ્યાન ઉડુપી થી મેંગલોર મુકામે યોજાયેલ 'નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ'માં પસંદગી પામ્યા છે. એસ.પી.બી. કોમર્સ કોલેજના ધાર્મિક દરજી, મયૂર વનારા,

પવન ચાવડા, નિકુંજ વાઘેલા અને આનંદ મહેતાએ, આ કેમ્પમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

નવયુગ સાયન્સ કોલેજ, સુરતના એન.એસ.એસ. વિભાગના ૩૫ વિદ્યાર્થીઓએ ચીખલી તાલુકાના રાનવેરીકલ્લા, રાન્વેરીખૂર્દ, વાંઝણા, રાનકુવા અને હરણગામમાં એઈડ્સ અને રકતદાન જાગૃતિ અંગે તા. ૩-૩-૧૨ થી ૪-૩-૧૨ દરમ્યાન રેલીઓ યોજીને એઈડ્સ અંગેની જાણકારી અને ઉપાયો અંગેની પત્રિકાઓનું વિતરણ કર્યું હતું.



શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરની રાષ્ટ્રીય સેવા યોજના તથા રેડ રિબન કલબ; ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદના સૌજન્યથી આયોજિત એઈડ્સ જાગૃતિના વિવિધ કાર્યક્રમોમાં વકતૃત્વ, નિબંધ, પોસ્ટર, સ્લોગન, કાવ્યલેખન, વાર્તાલેખન સ્પર્ધાઓ યોજાઈ ગઈ. જેમાં 'એચઆઈવી એઈડ્સ અને યુવાનોનું ઉત્તર દાયિત્વ' એ વિષય પર રેફરલ હોસ્પિટલ, બારડોલીના ડૉ. અમૃતભાઈ પટેલે સ્લાઈડ શો આધારિત વ્યાખ્યાન આપ્યું હતું. આચાર્ય ડૉ. જગદીશ ગુર્જરે 'એઈડ્સ જાગૃતિ' વિશે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

શ્રીમતિ કુસુમબેન કડકીયા આર્ટસ-કોમર્સ કોલેજ, અંકલેશ્વરના સ્વયંસેવકોશ્રી જયેશ પટેલ, મિતેશ રાણા, પ્રકાશ પટેલ અને ગિરીશ પરમારે તા. ૪ થી ૧૩ ફેબ્રુ. ૧૨ દરમ્યાન ત્રિવેન્દ્રમ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું પ્રતિનિધિત્વ કરી વિવિધ પ્રવૃત્તિઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવક શ્રી સોજીત્રા ગીરીશકુમાર ભરતભાઈએ Ministry of Youth Affairs & Sports, Govt. of India & Ministry of Development of North Estern Region ના સંયુકત ઉપક્રમે રોઈગ અરૂણાચલ પ્રદેશ ખાતે તા. ૨૮-૩-૧૨ થી તા. ૫-૪-૧૨ દરમિયાન યોજાયેલ Youth to the Edge Adventure Campમાં ભાગ લીધો.

## સ્પર્ધા

શ્રી માધવ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફો. ટેકનોલોજી, બીસીએ કોલેજ અને વિ.ટી. પોદાર કોલેજ મેનેજમેન્ટ ઓફ સ્ટડીઝ બી.બી.એ. કોલેજ, પાંડેસરાના સંયુકત ઉપક્રમે તા. ૦૯-૧-૧૨ થી ૧૧-૧-૧૨ના દરમ્યાન વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.

જિલ્લા ચુંટણી ઓફિસર અને કલેકટર કાર્યાલય, સુરત દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની ડિજીટલ પોસ્ટર બનાવવાની સ્પર્ધામાં શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્., પાંડેસરાની તાલીમાર્થી શ્વેતા અર્જુનભાઈ પટેલે સમગ્ર જિલ્લામાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો અને રૂા. ૧૦,૦૦૦/-નું રોકડ પારિતોષિક તથા સર્ટીફિકેટ મેળવ્યું હતું.

નવયુગ આર્ટ્સ કોલેજ, સુરત આયોજિત જિલ્લા કક્ષાની આંતરકોલેજ ગુજરાતી વિષય પ્રતિભા શોધની સ્પર્ધા અને શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતની ઠાકોર છાયાએ અનુક્રમે પ્રથમ અને તૃત્ય ક્રમ પ્રાપ્ત કર્યો.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજીત વેઈટ લીફટીંગ, પાવર લીફટીંગ અને બેસ્ટ ફીઝીકસ સ્પર્ધા અમરોલી ખાતે યોજાયેલ હતી. જેમાં નારણ લાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટની વેઈટ લીફટીંગ ટીમ રનર્સઅપ બનેલ છે. જેમાં ૫૬ કે.જી. ગ્રુપમાં બેગદીવાલા અશદ પ્રથમ, ૬૮ કે.જી.માં ભરવાડ સાજન દ્વિતિય, ૮૫ કે.જી.માં ચચલાણી અમીત તૃતિય અને માલી નીકી, નાયર નીતિન અને શાહ વર્સિલે ભાગ લીધો. બેસ્ટ ફીઝીકસમાં ૮૫ કે.જી. ગૃપમાં હુડ કલેરન્સ દ્વિતીય ક્રમે ૭૦ કે.જી. ગૃપમાં પઠાણ સમીરખાન તૃતિય ક્રમ પ્રાપ્ત કરેલ છે. તેમને તાલીમ અને માર્ગદર્શન શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક શ્રી મયુર પટેલે આપેલ હતું. ઈનામ વિતરણ સમારંભમાં સંસ્થા તરફથી ચેરમેનશ્રી મહેશભાઈ કંસારાએ પ્રમાણપત્રો અને ટ્રોફી દરેક વિજેતા ખેલાડીઓને આપી હતી.

## વ્યાખ્યાન

તા. ૧૫-૨-૧૨ના રોજ ઉધના સ્થિત, ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (બી.સી.એ.)માં "એડવાન્સ ઓબ્જેકટ ઓરીએન્ટેડ પ્રોગ્રામીંગ" વિષય પર ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, સુરતના એસોસીયેટ પ્રોફેસર ડૉ. રૂસ્તમ ડી. મોરેનાએ વ્યાખ્યાન રજુ કર્યું હતું. આચાર્ય ડૉ. એ.જી. મહેતા, ઉપાચાર્ય ડૉ. મનીષભાઈ એમ. કાયસ્થ તથા પ્રો. તેજસભાઈ ઘડિયાળીએ પણ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

તા. ૧-૩-૧૨ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન માંગરોલ ખાતે યોજાયેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત એમિટી બી.એડ્. કોલેજના સંચાલક શ્રી રણછોડભાઈ શાહે, "શાળાના શૈક્ષણિક ભાવાવરણનું નિર્માણ" ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

## વાર્તાલાપ

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં વર્ષ : ૨૦૧૧-૧૨ના 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ પ્રોજેકટનો છેલ્લો વાર્તાલાપ યોજાયો. વર્ષ દરમ્યાન કુલ ૧૮ જેટલા પુસ્તકો વિશે તાલીમાર્થીમિત્રોએ ઉત્તમ પુસ્તકો વાંચી તેના વિશે વિચારો રજૂ કર્યા હતા. આ પ્રોજેકટનો કાર્યભાર ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે સંભાળ્યો હતો.

## મુલાકાત

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની 'ચલો કોલેજ અભિયાન' અંતર્ગત કે.સી.જી. ટીમે મુલાકાત લીધી હતી. આ ટીમમાં કે.સી.જી. ડાયરકટરશ્રી જે.આર. દવે અને બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડના પ્રિ. ડૉ. વિકાસ દેસાઈએ કોલેજની મુલાકાત દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓથી થયા હતા. શ્રી જે.આર. દવેએ ઉચ્ચશિક્ષણનો ચિતાર આપીને ઉદિષા, સંધાન, બાયસેગ, સપ્તધારા, સ્કોપ અને અન્ય કાર્યક્રમો માટે કાર્ય કરવા જણાવ્યું હતું. મુલાકાત દરમ્યાન પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કોલેજની પ્રવૃત્તિઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

## ઉજવણી

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતમાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓ દ્વારા ગુજરાતી, ગઝલો, ગીત, વકતવ્યો, લોકગીત, લોકનૃત્ય, ભજન, નાટક, વિવિધ કવિઓ નરસિંહ મહેતા, પ્રેમાનંદ વગેરેનો પરિચય, ગરબો વગેરે રજૂ કરવામાં આવ્યાં. આ કાર્યક્રમમાં પ્રા. ડૉ. અનિલ આર. સિંઘ દ્વારા નયન દેસાઈ રચિત ગઝલનું પણ પઠન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ઈ.ચા. આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન રજૂ કરવામાં આવ્યું. અધ્યાપકમિત્રો દ્વારા ગઝલ રજૂ કરવામાં આવી. આ કાર્યક્રમનું સંચાલન મહિડા અર્ચના અને પટેલ ભાવનાએ કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન પ્રા. નીતાબેન મોહિતેએ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ પટેલ હેમલતાએ કરી હતી. મેટ્રિકસ કલ્પના ઉપક્રમે વિજ્ઞાન-ગણિત દિવસની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓ દ્વારા વ્યસનમુકિત આધારિત નાટક, વિજ્ઞાન-ગણિત વિષય આધારિત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને ગીત અને ગણિત આધારિત નાટક રજૂ કરવામાં આવ્યાં હતાં. ઈ.ચા. પ્રિ. નયનાબેન ચૌહાણે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરવામાં આવ્યું. તેમજ The Matrix નો અંક પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પ્રા. અખિલેશ નાયક અને પ્રા. પાયલબેન પટેલનું માર્ગદર્શન મળ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ વૈભી જોષીએ કરી હતી.

શ્રીમતી જી.એન. પંડયા કોમર્સ કોલેજ, ભેસ્તાનમાં સ્પોર્ટસ ડેની ઉજવણી પ્રસંગે ક્રિકેટ, વોલીબોલ, દોડ, ચક્રફેક, કેરમ, ચેસ વગેરે રમતો પ્રિ. શ્રી ચંદ્રશેખર ગોને તથા પ્રા. મહેશભાઈ વસાવાના નેતૃત્વ હેઠળ રમાડવામાં આવી. તદ્‌પરાંત ઈ.ચા. પ્રિ. કુ. બિન્નીબેન મહેતા તથા પ્રા. ભરતભાઈ ઈચ્છાપોરિયાના માર્ગદર્શન હેઠળ પી.ટી. સાયન્સ કોલેજ, સુરતના ડૉ. ડી.બી. શાહના અતિથિવિશેષ પદે ગણિત-વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી. ડૉ. ડી.બી. શાહે શ્રીનિવાસ રામાનુજનનો પરિચય આપી દેશભાવના માટે પ્રેરણા આપી હતી. તાલીમાર્થીઓએ નૃત્ય, કાવ્ય-પઠન દ્વારા જીવનમાં ગણિત-વિજ્ઞાનના મહત્વને દર્શાવ્યું હતું.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ૨૧ મી ફેબ્રુઆરીને "આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન" તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ દિવસે તાલીમાર્થીમિત્રો દ્વારા માતૃભાષાનું મહત્વ દર્શાવતા વકતવ્યો, ભજન, ગઝલ, ગીતો રજૂ કર્યા હતા. તા. ૨૪-૨-૧૨ના રોજ અંગ્રેજી દિવસની ઉજવણી પ્રસંગે કો.ઓ. ડૉ. કિન્નરીબેન પટેલ અને પ્રા. મનિષભાઈ પરમારે વકતવ્ય રજૂ કર્યું હતું. તાલીમાર્થીઓએ વકતવ્ય, કાવ્ય, ગ્રામર વાચન, સુવિચારો, વાર્તા અને નાટક રજૂ કર્યા હતા. તદ્‌પરાંત કોલેજના દશાબ્દિ વર્ષની ઉજવણી પ્રસંગે તા. ૨૫-૧-૧૨ના રોજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરીને ગ્રંથાલય દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ગ્રંથાલયના શ્રેષ્ઠ પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેનું ટ્રસ્ટ પ્રમુખશ્રી ભરતભાઈ પટેલના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. તથા પુસ્તકો અને વાચન ટેવ વિષે સંબંધિત વિષયો ઉપર વકતૃત્વ, નિબંધ અને કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી પ્રસંગે તા. ૨૮-૨-૧૨ના રોજ તાલીમાર્થીઓએ વિજ્ઞાન ગીત, વૈજ્ઞાનિકો વિશે, અંધશ્રધ્ધા દૂર કરતા વિવિધ પ્રયોગો, કાવ્ય, નાટક, રસાયણ સ્તુતી, વૈજ્ઞાનિક ઘટનાઓ તથા ૨૦૧૨ ની વૈજ્ઞાનિક શોધોને રજૂ કરી હતી. આ ઉજવણીનું માર્ગદર્શન કો.ઓ. ડૉ. કિન્નરીબેન પટેલ તથા પ્રા. રોશનીબેન આયતોડાએ પૂરુ પાડયું હતું.

વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરાખના પાંચમા વાર્ષિકોત્સવ તા. ૦૩-૦૩-૧૨ના રોજ ટ્રસ્ટીશ્રી કશ્યમ પટેલની ઉપસ્થિતિમાં અને મંત્રીશ્રી કલ્પેશભાઈ પટેલના પ્રમુખપદે તથા વિદ્યાભારતી ટ્રસ્ટના કેમ્પસ ડાયરેકટરશ્રી જયેશભાઈ શાહના અતિથિ વિશેષપદે યોજાયો હતો. પ્રાસંગિક ઉદ્‌બોધન તથા આવકાર પ્રિ. ડૉ. આનંદભાઈ ભટ્ટે કર્યું હતું. શ્રી જયેશભાઈએ વાર્તાઓ દ્વારા ઉત્તમ શિક્ષક બની સમાજસેવાનો સંદેશો આપ્યો હતો. અહેવાલ વાચન પ્રા. ડૉ. સંજય ભગતવાલાએ કર્યું હતું. પ્રશિક્ષણાર્થી દ્વારા સ્વાગત નૃત્ય, ગરબો, ટીપ્પણી, અરૂણભાઈ ટંડેલ રચિત એકાંકી 'અંધેરી નગરીને ગંડુ રાજા', પિરામિડ, ભાંગડા, સમૂહગીત, તથા આદિવાસી નૃત્ય જેવી કૃતિઓ રજૂ કરાઈ હતી. આભારવિધિ પ્રા. અરૂણભાઈ ટંડેલે તથા કાર્યક્રમનું સંચાલન મલેક સમૈયા અને મોરી નેહાએ કર્યું હતું. આભારવિધિ પ્રા. અતુલભાઈ ટંડેલે કરી.

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વ્યારા ખાતે તા. ૧૦-૪-૧૨ના રોજ હોમિયોપેથીના પ્રણેતા માસ્ટર ડૉ. સેમ્યુઅલ હેનિમનની ૨૫૭મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વ્યારા તથા હોમિયોપેથીક મેડીકલ એસોશીએસન ઓફ ઈન્ડિયા, વ્યારા, ગુજરાત દ્વારા ડૉ. સેમ્યુઅલ હેનિમનના હોમિયોપેથીના સંશોધન અને યોગદાન વિષે સંબોધન કરવામાં આવ્યા હતા તેમજ કોલેજ અને હોમિયોપેથીક મેડીકલ એસોશીએસન ઓફ ઈન્ડિયા, વ્યારા દ્વારા માનસિક વિકાર તથા બાળરોગને લગતો નિઃશુલ્ક હોમિયોપેથીક નિદાન અને સારવાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૫૦ જેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન આચાર્યા શ્રીમતી ડૉ. જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ શ્રીમતી જિજ્ઞેશાબેન અને ડૉ. જે.જે. જૈન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. મહેન્દ્ર બુરડ, ડૉ. ભાવના પટેલ અને ડૉ. ભાવિન મોદીએ વૈદકીય સેવા આપી હતી.

## ઈનામ વિતરણ

રોફેલ બી.બી.એ., બી.સી.એ. કોલેજ, વાપીમાં તા. ૧૦-૩-૧૨ના રોજ કુલસચિવશ્રી પ્રોફે. જે.આર. મહેતાના મુખ્ય અતિથિ પદે ઈનામ વિતરણ અને વાર્ષિક ઉત્સવ ઉજવાઈ ગયો. જેમાં કુલસચિવશ્રીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલી ભરપૂર શકિતઓનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

## વિદાય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પ્રિ. જે.એમ. નાયકના અધ્યક્ષપદે એમ.કોમ.ના વિદ્યાર્થીઓનો વિદાય તથા શુભેચ્છા સમારંભ યોજાઈ ગયો. જેમાં આચાર્યશ્રીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. આચાર્યશ્રી તેમજ અન્ય અધ્યાપકોએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

એસ.બી. ગાર્ડા કોલેજ આર્ટસ અને પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં તા. ૫-૩-૧૨ના રોજ એમ.એ. અને એમ.કોમ.ના વિદ્યાર્થીઓને વિદાય આપવામાં આવી. ઈ.ચા. આ. ડૉ. જે.જે. પટેલ તથા ટ્રસ્ટીશ્રી એન.કે. સભાવાલાએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. તથા વિદ્યાર્થીઓએ પ્રતિસાદ વ્યકત કર્યો હતો.

રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ના તૃતીય વર્ષ બી.એ., બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટેનો શુભેચ્છા સમારંભ તા. ૧૨-૦૩-૧૨ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ સંસ્મરણો રજૂ કર્યા હતા. આ પ્રસંગે આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈ, પ્રા. શ્રી મહેશભાઈ દરૂ, પ્રા. શ્રીમતી ઈન્દિરાબેન

પટેલ, પ્રા. શ્રી નટુભાઈ પટેલે સમગ્ર રોફેલ પરિવાર વતી વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી અને ઉત્તમ જીવન માટે શુભેચ્છા પાઠવી હતી. કોલેજ તરફથી દરેક વિદ્યાર્થીને 'સ્વામી વિવેકાનંદ' (સંક્ષિપ્ત જીવન) એ પુસ્તક અને સ્મૃતિભેટ આપવામાં આવ્યા હતા.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં ઈનામ વિતરણ અને વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો હતો. જેમાં ઉદ્‌ઘાટક તરીકે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી તથા અતિથિ વિશેષ તરીકે શિક્ષણ વિભાગના ડીન શ્રી ડૉ. જયેન્દ્રસિંહ ગોહિલ, કેમ્પસ ડાયરેક્ટર શ્રીમતી સુમતિબેન શિનોય, સંસ્થાના નિયામક શ્રી ગાંધી, બી.સી.એ.ના ઈ.ચા. આચાર્યા દીપજયાબેન, કોમર્સના ઈ.ચા. ડૉ. વૈશાલીબેન પટેલ, પી.ટી.સી.ના ઈ.ચા. આચાર્ય અભયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે આવકાર પરિચય અને પુષ્પગુચ્છ વડે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ડૉ. જયેન્દ્રસિંહ ગોહિલ અને શ્રીમતી નીમાબેન જોષીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન થયેલ સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ અને ગયા વર્ષે યુનિવર્સિટીની પરીક્ષામાં વધુ ગુણ મેળવનાર તાલીમાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવ્યું હતું.

## વિદ્યાર્થી મંડળ

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, એમ.એડ્., સુરતમાં વાલી-શિક્ષક મંડળ "આત્મીય" અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ "આવકાર"નો સંયુક્ત કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે શિક્ષણવિદ્યા શાખાના ડીન ડૉ. જયેન્દ્રસિંહ ગોહિલ અને અતિથિ તરીકે શ્રી આર.એચ. હડિયા (પી.આઈ.જામનગર) ઉપસ્થિતિ રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત ડૉ. ગોહિલે વાલી-શિક્ષકના સહિયારા પ્રયાસોની વાત કરી હતી. શ્રી હડિયાએ સમર્પણયુક્ત કાર્યરીતિની સમજ આપી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમના સંસ્મરણો વાગોળ્યા હતા. ઈ.ચા. આચાર્ય નિહારિકા પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન જિજ્ઞેશ કંથારિયાએ કર્યું હતું. આભારવિધિ ડૉ. કિંતી માટલીવાળાએ કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન મુકેશ રાઠવા અને ગીતા ગઢવીએ કાર્યું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ 'મિલાપ' ની વાર્ષિક સભા યોજાઈ. ઈ.ચા. આચાર્યા શ્રીમતી નયનાબેન ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. કાર્યક્રમના ભૂતપૂર્વ અને હાલના વિદ્યાર્થીઓની સિદ્ધિને ધ્યાનમાં રાખી તેમને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

## પારિતોષિક

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના પ્રા. ડૉ. મીનાબેન શાહને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી વર્ષ ૨૦૦૮માં પ્રગટ થયેલા વિવેચન વિભાગમાં લેખિકાના પુસ્તક 'આધુનિક નારીનું નિરૂપણ' માટે રૂપિયા પાંચ હજારનું પારિતોષિક જાહેર કરવામાં આવેલ છે.

## સ્વામી વિવેકાનંદ

અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકિાનંદ કોલેજ, સુરતમાં વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતી તથા દશાબ્દિ મહોત્સવની ઉજવણી ઈન્ડોર સ્ટેડિયમમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કલેકટર એન્ડ ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ શ્રી એ.જે. શાહ, પ્રમુખશ્રી તરીકે શ્રી સી.આર. પાટીલ, અતિથિ વિશેષ તરીકે સિન્ડીકેટ સભ્યશ્રી, ઘનશ્યામભાઈ ડી.રાવલ અને દિનેશભાઈ દાસા તથા સંસ્થાના ટ્રસ્ટીશ્રી વિપુલભાઈ જોષી તેમ જ અન્ય ટ્રસ્ટીશ્રીઓ, વિવિધ કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પસ ડાયરેક્ટર શ્રીમતી સુમતિ શિનોઈએ સંસ્થાની દસ વર્ષની વિકાસયાત્રાની ઝાંખી કરાવી હતી. તથા સંસ્થામાં દસ વર્ષથી કામગીરી કરતા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષીએ સંસ્થાના વિવિધ હેતુઓ સિદ્ધ થયા તે અંગેની માહિતી આપી તી ત્યારબાદ સમગ્ર વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા થયેલા તથા શૈક્ષણિક ક્ષેત્રે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને ઈનામો આપી બિરદાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ પ્રસંગોચિત વકતવ્યો આપ્યાં હતાં.

રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૧૨-૧ થી તા. ૨૦-૧-૧૨ દરમ્હયાન 'સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી'ની ઉજવણી કરવામાં આવી. તા. ૧૨-૧-૧૨ના રોજ 'દેશભકિત ગીત' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજ દિવસે ગાંધીનગરમાં યોજાયેલ 'સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી' કાર્યક્રમમાં કોલેજના ૨૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓ સાથે પ્રા. જયનાબેન દેસાઈએ ફરજ બજાવી હતી. તા. ૧૩-૦૧-૧૨ 'સ્વામી વિવેકાનંદ અને યુવાનો' વિષય પર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારાના આચાર્યશ્રી ડૉ. એચ. કે. ખરવાસિયાએ વકતવ્ય આપ્યું હતું. તા. ૧૬-૧-૧૨ના રોજ 'સ્વામી વિવેકાનંદના વિચારોની આજના સમયમાં પ્રસ્તુતતા' વિષય પર શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૧૭-૧-૧૨ના રોજ 'સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી' સંદર્ભે વલસાડ જિલ્લાની કોલેજોના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય શિબિરનું આયોજન થયું હતું. જેમાં ૧૪૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ 'વિવેકાનંદ ટ્રસ્ટ, કન્યાકુમારીના સ્વયંસેવકોએ કર્યો હતો. આ શિબિરમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ.ના ઈન્ચાર્જ નિયામકશ્રી માલવિયાએ 'સ્વામી વિવેકાનંદના વિચારો' પર વકતવ્ય આપ્યું હતું. તા. ૧૮-૧-૧૨ના રોજ 'સ્વામી વિવેકાનંદનું જીવન' વિષય પર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના પ્રા. મયંક શાહે વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૨૦-૧-૧૨ના રોજ 'સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. સપ્તાહના આ કાર્યક્રમનું માર્ગદર્શન આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈ તરફથી મળ્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. હંસાબેન પટેલ તથા પ્રા. જયાબેન પરમારે કર્યું હતું.

## વકતવ્ય



સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતની લેડી કીકાભાઈ પ્રેમચંદ ગ્રંથાલયમાં ગ્રંથપાલશ્રી કુ. નીલા રાજયગુરૂના અધ્યક્ષપદે લાયબ્રેરી યુથ સર્કલમાં તા. ૬-૧-૧૨ થી ૩-૨-૧૨ દરમ્યાન વિવિધ વકતવ્ય શ્રેણીઓ યોજવામાં આવી હતી. જેમાં (૧) ધાનાણી રાજુ (વિષય : એફડીઆઈનો રીટેલમાં પ્રવેશ : રોજગારી કે વિનાશ), (૨) કેવડીયા કૌશિકકુમાર (વિષય : કેમીસ્ટ્રી ઈન એવરીડે લાઈફ), (૩) નરેશભાઈ તોગડીયા, (વિષય : જીપીએસસીની પરીક્ષા અંગે માર્ગદર્શન) અને (૪) ગોયાણી વી.પી. (વિષય : એજ્યુકેશન સિસ્ટમ પર વકતવ્ય આપ્યું હતું.

## પરિચય

વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં લાયબ્રેરી સમિતિના ઉપક્રમે પુસ્તક પરિચય પ્રોજેકટ અંતર્ગત પ્રા. કે.આર. ભાવસારે "લખી રાખો આરસની તકતી પર" પુસ્તકનો ભાવવાહી પરિચય કરાવ્યો હતો.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**મેરા ચીજ કિસને હટાયા ?**

અનુવાદ : ડૉ. સુધીર દીક્ષિત

પ્રકાશક : મંજુલ પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્હી. ૨૦૦૯.

કિંમત : રૂા. ૧૨૫-૦૦. પૃ. ૯૨

Who Moved My Cheese ? નો અનુવાદ એટલે 'મેરા ચીજ કિસને હટાયા ? વિશ્વની નંબર વન બેસ્ટ સેલર Who Moved My Cheese ? ગ્રંથના મૂળ લેખક સ્પેન્સર જોનસન એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિંતક, વકતા અને લેખક છે. તેમનાં પુસ્તકોમાં સામાન્ય જિંદગી સાથે સંલગ્ન એવી હકીકતો દર્શાવવામાં આવી છે, જેની માહિતી લાખો-કરોડોની જિંદગીઓને વધારે સફળ અને નિમ્ન કષ્ટદાયી બનાવી શકે છે. આધુનિક યુગમાં આ પુસ્તકને કલાસિકનો દરજજો મળી ચૂકયો છે.

આ પુસ્તક પોતાનાં કાર્ય અને પોતાની જિંદગીમાં થઈ રહેલાં પરિવર્તનોનો સામનો કઈ રીતે કરવો તે શીખવાડે છે. આ ગ્રંથમાં 'ચીજ' એક મહત્વપૂર્ણ પ્રતીક છે. પશ્ચિમમાં 'ચીજ' સંપૂર્ણ ભોજનનું પ્રતીક છે, જેમાં સ્વાદ પણ છે, અને પોષણ પણ. જયારે 'પનીર' એક ભારતીય 'ચીજ' છે. ઉર્દૂમાં 'ચીજ' નો અર્થ 'વસ્તુ' થાય છે, એટલા માટે આ પુસ્તકમાં ઉર્દૂ શબ્દ 'ચીજ' નો પ્રયોગ કયાંય પણ કરવામાં આવ્યો નથી. ઉર્દૂ શબ્દ 'ચીજ' સ્ત્રીલિંગ છે, જયારે અંગ્રેજી શબ્દ 'ચીજ' નો પ્રયોગ પુલ્લિંગના સ્વરૂપમાં કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં એક સરળ નીતિકથા છે જે પરિવર્તન સંબંધમાં ઊંડી હકીકતોને પ્રકાશિત કરે છે. આ એવા ચાર પાત્રોની મજાની અને જ્ઞાનવર્ધક વાર્તા છે, જે મૂંઝવણમાં રહે છે અને 'ચીજ'ની શોધ કરે છેકારણ કે સ્વસ્થ અને સુખી રહી શકે. આ વાર્તામાં 'ચીજ' એ પ્રતીક છે - જે વસ્તુઓને તમે જીવનમાં મેળવવા ઈચ્છો છો, ભલે તે એક સારી નોકરી અથવા પ્રેમપૂર્ણ સંબંધ હોય, નાણા અથવા સંપત્તિ હોય, આરોગ્ય અથવા મનની આધ્યાત્મિક શાંતિ હોય. અને એક મૂંઝવણભર્યું એવું સ્થાન છે જયાં તમે તમારી મનપસંદ વસ્તુની શોધ કરો છો - તે ઓફિસ હોય જયાં તમે કાર્ય કરો છો, અથવા તે પરિવાર અથવા તે સમાજ હોય જેમાં તમે રહો છો. વાર્તાનાં પાત્રો અપ્રત્યાશિત પરિવર્તનનો સામનો કરે છે. અંતે તેમાંથી એક પાત્ર સફળ થઈ જાય છે અને મૂંઝવણભરી દિવાલો પર લખે છે કે તેણે પોતાના અનુભવમાંથી શું શીખ્યું છે. જયારે તમે 'દિવાલ પર લખેલું' વાંચશો તો તમે સ્વયં જાણી શકશો કે કઈ રીતે પરિવર્તનનો સામનો કરી શકાય જેથી નોકરી અને જિંદગીમાં તમે તનાવથી મુકત થઈને વધારેમાં વધારે સફળ થઈ શકો. આ શાસ્વત વાર્તાના વાચન માટે એક કલાકથી પણ ઓછો સમય લાગે છે, પણ તેમાંથી પ્રાપ્ય અદભુત શિક્ષણની અસર જિંદગીભર રહે છે.

આ પુસ્તકનો ઉપયોગ કોર્પોરેશન્સ, સરકારી સંસ્થાઓ, સેના, નાના વ્યવસાયો, હોસ્પિટલો, ચર્ચા અને શાળામાં કરવામાં આવી રહયો છે. આ પુસ્તક વિષે પીટર એફ. ડ્રકર ગ્રેજયુએટ મેનેજમેન્ટ સેન્ટરના શ્રી ડેવિડ એ. હીનન દર્શાવે છે કે "સમય સમય પર કોઈ ન કોઈ એવું પુસ્તક આવે છે જે ભવિષ્યના સુખના દરવાજા ખોલી નાખે છે. Who Moved My Cheese ? ની મારી પર આવી જ અસર પડી છે. સ્પેન્સર જોનસને મારી આજુબાજુ થઈ રહેલાં પરિવર્તનના સંબંધમાં મારી આંખો ખોલી નાખી છે. જેને આજદિન સુધી હું ઓળખી શકયો નથી. નવી સદી માટે આ પુસ્તક વાંચવું અનિવાર્ય છે." આપણા ભારતીય સાહિત્યમાં પણ 'પંચતંત્ર' જેવી નીતિકથાઓ ઉપલબ્ધ છે.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા<br>
તંત્રી, 'દક્ષિણાયન'<br>
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,<br>
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian

Published by : J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com